INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૧-૦૫-૨૦૨૨

**૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા, ભારતરત્ન, દીર્ઘદ્રષ્ટા પૂર્વ પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધીની પુણ્યતિથી નિમિત્તે કોંગ્રેસ કાર્યાલય અને લાલદરવાજા ખાતે રાજીવજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી** હતી. જેમાં ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ગ્યાસુદ્દીન શેખ, પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ નેતાશ્રી બાલુભાઈ પટેલ, શ્રી રાજુભાઈ પરમાર, શ્રીમતિ સોનલબેન પટેલ, શ્રી નીલેશ પટેલ, ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બિમલ શાહ, શ્રી પંકજભાઈ શાહ, શ્રી ખુરશીદ સૈયદ, શ્રી ઉમાકાંત માંકડ, ડૉ. મનિષ દોશી, શ્રી ઈકબાલ શેખ, અ.મ્યુ.કોં.નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, શ્રી દિલીપ પટેલ, શ્રી બીપીન ગઢવી, શ્રી નાઝીમ ચૌહાણ, સેવાદળના કિરણ પ્રજાપતિ, શ્રી સોનુ હરવાણી, શહેર મહિલા પ્રમુખશ્રી હેતાબેન પરીખ, શ્રી જીગીશા પટેલ, સહિત સેવાદળના સૈનિકો, શહેરના કાર્યકર્તાઓ - આગેવાનો - મહાનુભાવો મોટી સંખ્યામાં જોડાયા હતા અને રાજીવજીએ દેશ માટે આપેલ યોગદાન અને બલિદાનને યાદ કર્યા હતા. સ્વ. રાજીવજીની પુણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાસુમન - પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કોંગ્રેસના ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ગ્યાસુદ્દીન શેખએ જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી - એક શક્તિ, એક વિચારધારા, એક દ્રષ્ટિકોણ, એક પરિવર્તન અને માનવતાનું નામ છે. રાજીવ ગાંધી સ્વભાવથી ગંભીર પરંતુ આધુનિક વિચારો - વૈજ્ઞાનિક અભિગમ સાથે નિર્ણય લેવાની અદભૂત ક્ષમતા ધરાવતા હતા. રાજીવ ગાંધી વારંવાર કહેતાં કે, ભારતની એકતાને કાયમ રાખવા એ જ મારો ઉદ્દેશ્ય છે. 'એકવીસમી સદીના ભારતનું નિર્માણ' કરવું એ તેમનું પ્રમુખ મિશન હતું તેમજ ભારતને હાઈ-ટેકનોલોજીથી પરિપૂર્ણ કરવાનું તેમનું લક્ષ્ય હતું. જે આજે સફળ થતું અનુભવી શકીએ છીએ.

૧૮ વર્ષે આપ્યો મતાધિકાર - લોકશાહીનું નવસર્જન, કોમ્પ્યુટર ક્રાંતિ, પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો નાખ્યો, લોકતંત્રમાં મહિલાઓની ભાગીદારી, નવી શિક્ષણ નીતિ, દૂરસંચાર ક્રાંતિ, નવોદય વિદ્યાલયનું સર્જન, ૧૯૮૭માં ટેકનોલોજી મિશન દ્વારા સાર્વત્રિક રસીકરણ, શુધ્ધ પીવાનું પાણી, તેલબીયા, શિક્ષણ, ટેલીકોમ્યુનિકેશનના પાયાગત, માળખાકીય સગવડ - સુવિધાઓ ઉભી કરીને આધુનિક ભારતના નિર્માણ તરફ શ્રેષ્ઠ પગલા ભર્યા., વિશ્વભરમાં 'ડિસ્ટન્સ એન્ડ ઓપન એજ્યુકેશન'નો કન્સેપ્ટ પ્રચલિત હતો, ત્યારે રાજીવ ગાંધીએ અભ્યાસ કરવા ઈચ્છતાં ભારતના યુવાનોને ધ્યાનમાં રાખીને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૂ)ની સ્થાપના કરી. આજે ઈગ્નુમાં લાખો વિદ્યાર્થીઓ ઘેર બેઠાં અભ્યાસ કરી રહ્યાં છે. રાજીવ ગાંધીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં ભારત અને અમેરિકાના સંબંધોમાં મહત્વપૂર્ણ સુધારાનો આરંભ થયો., દેશમાં ઓરી-અછબડા શીતળા, મેલેરિયા, હિપેટાઈટિસ-બી, પોલીયો, સહીતની રસી વિદેશથી મંગાવવી પડતી હતી જે મોંઘી અને વિલંબથી ઉપલબ્ધ થતી હતી. રાજીવ ગાંધીજીએ દેશના વૈજ્ઞાનિકોને રૂબરૂ બોલાવી ઉત્પાદન અને સંશોધન માટે તમામ વ્યવસ્થાનની શરૂઆત કરાવી જેના પરિણામે આજે દેશમાં રસી (વેક્સિન)ના ઉત્પાદન ક્ષેત્રે ભારત આત્મનિર્ભર બન્યું. સાથોસાથ રસીકરણ રાષ્ટ્રીય કાર્યક્રમની ઝુંબેશને પરિણામે ઓરી-અછબડા શીતળામાંથી મુક્તિ મળી અને 'પોલીયો મુક્ત ભારત' બન્યું. ૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા રાજીવ ગાંધીની દુરંદેશી નીતિએ ભારતને એક મજબૂત અને પ્રગતિશીલ રાષ્ટ્ર બનાવ્યું . રાજીવ ગાંધી એક મહાન રાજનેતાની સાથે ઉમદા માનવી હતા, પુણ્યતિથી નિમિતે શત શત નમન..

**રાજીવજીની પુણ્યતિથી નિમિત્તે રાજ્યના તમામ શહેર - જીલ્લા - તાલુકાઓમાં વિવિધ જગ્યાએ સામાજીક સેવાના ભાગરૂપે જાહેર સ્થળોએ છાસ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં નાગરિકોએ પરિવાર સાથે લાભ લીધો હતો.**

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા